# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2552 ❖ ભાદ્રપદ પૂર્ણિમા ❖ 15 સપ્ટેમ્બર 2008 ❖ વર્ષ - 9 ❖ અંક - 6 ❖ સળંગ અંક - 102


## ધમ્મવાણી

तपो च ब्रह्मचरियञ्च अरिय सच्चान दस्सनं ।
निब्बान सच्छिकिरिया च एतं मङ्गलमुत्तमं ॥
(सुत्तनिपात – मङ्गलसुत्त)

તપસાધના કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું, ચાર આર્ય સત્યોનું દર્શન કરવું અને નિર્વાણનો સાક્ષાત્કાર કરવો - આ ઉત્તમ મંગલ છે.

दुक्खञ्चेव पञ्ञापेमि दुक्खस्स निरोधं : (मज्झिम निकाय)

હું કેવળ દુઃખ અને દુઃખનિરોધનું જ પ્રજ્ઞાપન કરું છું.

## ઉદ્બોધન

મારા પ્યારા સાધક, સાધિકાઓ !
આવો. સત્યનું સમ્યક્ દર્શન કરીએ
દુઃખ - આર્ય સત્યનું સમ્યક્ દર્શન કરીએ.
દુઃખ સમુદય આર્યસત્યનું સમ્યક્ દર્શન કરીએ.
દુઃખ નિરોધ ગામિની પ્રતિપદા આર્યસત્યનું સમ્યક્ દર્શન કરીએ.

વિપશ્યના સાધના દ્વારા અંતર્મુખ થઈને આ ચારેય આર્યસત્યોનું સમ્યક્ દર્શન કરીએ. જે કાંઈ બહાર છે તે ભીતરનું જ પ્રક્ષેપણ છે. અતઃ ભીતર તરફ ડોકિયું કરીએ. આ સાડાત્રણ હાથની કાયાની ભીતર બધા લોક સમાએલા છે. લોકોની ઉત્પત્તિ સમાયેલી છે. લોકોનો નિરોધ સમાએલો છે લોકોના નિરોધનો માર્ગ સમાયેલો છે. એનો સાક્ષાત્કાર કરીએ.

ચાર આર્યસત્યોનો આ સાક્ષાત્કાર જ સમ્યક્ દૃષ્ટિ છે, વિદ્યા છે, બોધિ છે, જ્ઞાન છે, આ લોક છે, વિમુક્તિ છે. આ ચાર આર્યસત્યોના સાક્ષાત્કારથી વંચિત રહી જવું એ જ મિથ્યા દૃષ્ટિ છે, અવિદ્યા છે, અજ્ઞાન છે, અંધકાર છે, બંધન છે.

આ ચાર આર્યસત્યોનું સમ્યક્ દર્શન આપણા લાભને માટે છે. અર્થને માટે છે; હિતને માટે છે; સુખને માટે છે; દુઃખોના નિતાંત નિરોધ, ઉપશમન, નિર્મૂલનને માટે છે; મુક્તિ, મોક્ષ, નિર્વાણને માટે છે.

અતઃ સાધકો ! આવો, ચારેય આર્યસત્યોનું સમ્યક્ દર્શન કરીએ.

**- કલ્યાણમિત્ર**
**સત્યનારાયણ ગોયન્કા**

## ચાર આર્ય સત્ય

આ દુઃખ છે. જીવનના આ પ્રથમ કટુ સત્યને જ્યાં સુધી આપણે ઊંડાણથી જાણી - સમજી નથી લેતાં, સ્વયં અનુભવ નથી કરી લેતાં, ત્યાં સુધી તેનાથી મુક્ત થવાને માટે પ્રયત્નશીલ જ નથી થઇ શકતાં. આ દુઃખનું કારણ છે. જીવનના આ દ્વિતીય ગંભીર તથ્યને જ્યાં સુધી આપણે જાણી-સમજી નથી લેતાં, સ્વયં અનુભવ નથી કરી લેતાં ત્યાં સુધી દુઃખની સચ્ચાઈને જાણીને પણ તેના નિવારણને માટે આપણે કશું કરી નથી શકતાં.

આ દુઃખનું નિવારણ છે. જીવનના આ તૃતીય આશાસ્પદ સત્યને જાણી-સમજીને તથા સ્વયં અનુભવ કરીને જ આપણે બધા પ્રકારની નિરાશાઓથી મુક્ત થઈએ છીએ. જે દુઃખનું કોઈ કારણ હોય તે કારણના નિવારણમાં જ દુઃખનું નિવારણ સમાયેલું છે. આ ત્રીજું સત્ય દુઃખ-સંતપ્ત માનવને માટે અસીમ આશાઓનું મંગલ આશ્વાસન ધરાવે છે.

આ દુઃખ નિવારણનો માર્ગ છે. જીવનના આ ચતુર્થ કલ્યાણકારી સત્યને આપણે સારી રીતે સમજી લઈએ તથા તેનું પાલન કરી લઈએ તો સાચેસાચ પોતાનાં સમસ્ત દુઃખોથી મુક્તિ પામી શકીએ. શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો આ મંગલ માર્ગ જ એવી રામબાણ ઔષધિ છે કે જે દુઃખનાં બધાં કારણો પર ઊંડો પ્રહાર કરે છે. જેવાં દુઃખના કારણ જડમૂળથી ઊખડવા લાગે કે દુઃખ ટકી જ કેમ શકે ? કારણોનાં બધાં મૂળ ઊખડી જશે તો સમસ્ત દુઃખોથી સ્વતઃ વિમુક્તિ થઈ જ જશે.

આ ચારેય આર્યસત્યોને 'આર્ય' કહ્યાં. એટલે 'આર્ય' કહ્યાં કે આ સચ્ચાઈઓથી ઉત્તમ કોઈ સચ્ચાઈ છે જ નહીં. અને એટલે પણ (આર્ય) કહ્યાં કે આ ચારેય સત્યોને અનુભવના ક્ષેત્રમાં સ્વયં જાણી લેનારી વ્યક્તિ સહજ (રીતે) જ આર્ય બની જાય છે એટલે કે પવિત્ર બની જાય છે, સંત બની જાય છે, ઉત્તમ બની જાય છે, મુક્ત બની જાય છે.

આ દુઃખ છે, આ દુઃખનું કારણ છે, આ દુઃખનું નિવારણ છે અને આ દુઃખના નિવારણની વિધિ છે. આ ચારેય આર્યસત્યોને જેણે સમ્યક્રૂપે જાણી લીધાં તેણે પોતાનાં હિત, સુખ, અર્થ તથા લાભની બધી વાતો જાણી લીધી અને જેણે આને નથી જાણ્યાં તેણે બીજું ઘણું બધું જાણી લેવા છતાં યે પોતાના સાચા હિત - સુખની વાત જાણી જ નથી. આ ચારેય સચ્ચાઈઓ જીવન-જગતની સચ્ચાઈઓ છે, નક્કર ધરતીની સચ્ચાઈઓ છે. બધું યથાર્થ જ છે. આમાં કશેય કપોળ કલ્પના નથી, ક્યાંય કોરો બુદ્ધિકિલ્લોલ નથી, ક્યાંય ભટકાવી દેનારો અંધવિશ્વાસ નથી, ક્યાંય ઉદ્વિગ્ન કરી દેનારો મિથ્યા ભાવાવેશ નથી, ક્યાંય ભય - સંકુલ મિથ્યા - માન્યતા નથી. જે કાંઈ છે તે યર્થાથ છે. મનુષ્યની પોતાની જ અનુભૂતિઓના બળ પર સ્થાપિત છે, સ્વીકૃત છે. એક સામાન્ય વ્યક્તિ દ્વારા સ્વયં પોતાના જ શ્રમથી, અભ્યાસથી, સહજ અનુભવગમ્ય છે.

આ સચ્ચાઈઓ કેવળ શ્રુતમયી પ્રજ્ઞા પર જ આધારિત નથી, કેવળ ચિંતનમયી પ્રજ્ઞા પર જ આધારિત નથી. બલ્કે આ બંનેની સાથોસાથ અભ્યાસજન્ય સાધનાના ધરાતલ પર, સ્વાનુભૂતિની ભૂમિ પર પ્રતિષ્ઠિત, ભાવનામયી પ્રજ્ઞા પર આધારિત છે. સાંભળેલા જ્ઞાન અને ચિંતન-મનન દ્વારા ઉપલબ્ધ થયેલા જ્ઞાનની અહીં અવહેલના નથી કરાઈ, પરંતુ એનાથી યે અધિક મહત્ત્વ સ્વાનુભૂતિઓના બળ પર પ્રાપ્ત થયેલા જ્ઞાનને દેવાયું છે. શ્રુતમયી પ્રજ્ઞાના આધાર પર આપણે જાણી લઈએ છીએ કે આ જીવનનાં દુઃખો છે. ચિંતન-મનનમયી પ્રજ્ઞા દ્વારા આપણે આ દુઃખોની ગંભીરતાને સ્વીકારીને એ અનુભવીએ છીએ કે એ સત્યો સારી રીતે પરિજ્ઞેય (સમજી શકાય તેવાં) છે, સમજી લેવા યોગ્ય છે. સ્થૂળ સ્થૂળ દુઃખોની જાડી-મોટી જાણકારી સુધી જ સીમિત ન રહેતાં ગંભીર ઊંડાણ સુધી સૂક્ષ્મ-સૂક્ષ્મ દુઃખોનું પણ પૂરું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું આવશ્યક છે. આવું આપણે ચિંતનમયી પ્રજ્ઞા દ્વારા સમજીએ છીએ અને પછી ભાવનામયી પ્રજ્ઞા દ્વારા સાધનાના અભ્યાસની ભૂમિકા પર ઊતરીને સ્વયં પોતાની અનુભૂતિઓના બળે આ દુઃખોની ગહનતાનો અનુભવ કરીએ છીએ, સારી રીતે તેને પરિજ્ઞાત કરીએ છીએ.

શ્રુતમયી પ્રજ્ઞા દ્વારા આપણે એ જાણી લઈએ છીએ કે બધાં દુઃખોનાં આ મૂળભૂત કારણ છે. પછી ચિંતનમયી પ્રજ્ઞા દ્વારા એ પણ અનુભવીએ છીએ કે આ દુઃખોમાંથી આપણે છુટકારો મેળવવો જોઈએ. દુઃખોનાં આ કારણોને ઊખેડીને ફેંકી દેવા જોઈએ, એનું પ્રહાણ કરી લેવું જોઈએ. અને પછી ભાવનામયી પ્રજ્ઞા દ્વારા સાધનાના અભ્યાસની ભૂમિકા

પર ઊતરીને આપણે એ સમસ્ત કારણોનું પ્રહાણ કરી લઈએ છીએ, એને ખતમ કરી દઈએ છીએ.

શ્રુતમયી પ્રજ્ઞા દ્વારા આપણે એ જાણી લઈએ છીએ કે આ દુઃખોના નિરોધની પણ એક અવસ્થા છે, એના નિતાંત નિવારણની પણ એક સ્થિતિ છે. પછી ચિંતન-મનનમયી પ્રજ્ઞા દ્વારા આપણે એ અનુભવીએ છીએ કે આવી દુઃખ - નિરોધક સ્થિતિનો આપણે સ્વયં સાક્ષાત્કાર કરવો જ જોઈએ, સ્વયં અનુભવ કરવો જ જોઈએ. અને પછી ભાવનામયી પ્રજ્ઞા દ્વારા સાધનાના અભ્યાસની ભૂમિકા પર ઊતરીને આપણે ખરેખર એ દુઃખ-નિરોધક સ્થિતિનો સ્વયં સાક્ષાત્કાર કરી લઈએ છીએ, મુક્તિ-રસનું સ્વયં આસ્વાદન કરી લઈએ છીએ.

શ્રુતમયી પ્રજ્ઞા દ્વારા આપણે એ જાણી લઈએ છીએ કે દુઃખોનો નિરોધ કરવાને માટે આ મંગલ માર્ગ છે પછી ચિંતન - મનનમયી પ્રજ્ઞા દ્વારા આપણે એ નિષ્કર્ષ પર પહોંચીને છીએ કે આપણા સાચા કલ્યાણને માટે આ મંગલ પથનું આપણે સ્વયં અનુસરણ કરવું જ જોઈએ. આ વિધિનો સ્વયં અભ્યાસ કરવો જ જોઈએ અને પછી ભાવનામયી પ્રજ્ઞા દ્વારા સાધનાના ધરાતલ પર ઊતરીને સ્વયં અભ્યાસ કરીને આપણે આ વિધિનો લાભ ઉઠાવીએ છીએ. આપણે દુઃખ વિમુક્તિનો સ્વાનુભવ કરી લઈએ છીએ.

આ પ્રકારે ચારેય આર્યસત્યોને વાંચી - સાંભળીને શ્રુતમયી પ્રજ્ઞા દ્વારા જાણી લઈએ છીએ. પોતાની બુદ્ધિની કસોટી પર કસીને ચિંતન-મનનમયી પ્રજ્ઞા દ્વારા તેના મહત્વને સારી રીતે સમજી લઈએ છીએ અને શીલ, સમાધિ તથા જ્ઞાન માર્ગની સાધના કરતાં કરતાં ભાવનામયી પ્રજ્ઞા દ્વારા અભ્યાસના બળે સ્વયં પોતાનું મંગલ સાધીએ છીએ. જ્યાં સુધી આ ચારેય સચ્ચાઈઓને આ રીતે ત્રેવડી કરીને કુલ બાર પ્રકારથી જાણી ન લઈએ, સમજી ન લઈએ અને અનુભવ ન કરી લઈએ ત્યાં સુધી આપણે પોતાના સાચા કલ્યાણ-મંગલથી દૂર જ ભટકીએ છીએ. એટલે એ કહેવું અત્યંત સાર્થક છે કે જેણે આ ચાર સત્યોનો સારી રીતે સાક્ષાત્કાર કરી લીધો તે કૃતકૃત્ય થઈ ગયો. એને જે કરવાનું હતું તે કરી લીધું. હવે બીજું કશું કરવાનું બાકી ન રહ્યું. જે પામવાનું હતું તે પામી લીધું. હવે બીજું કશું પામવાનું બાકી ન રહ્યું. પરંતુ જે આ ચાર કલ્યાણકારી સચ્ચાઈઓથી વંચિત રહી ગયો તે બીજું ઘણું બધું જાણી સમજીને પણ અજાણ જ રહી ગયો અને ઘણું બધું પ્રાપ્ત કરીને પણ નિર્ધન રહી ગયો.

કોઈ પણ કુશળ ચિકિત્સકને માટે એ આવશ્યક છે કે તે રોગીનો સાચો રોગ પિછાણે, એ રોગનું નિદાન કરીને તેના સાચા કારણને પિછાણે અને પછી ઉચિત ઉપચાર કરીને એ કારણનું નિર્મૂલન કરીને રોગીને રોગમુક્ત કરી દે. આ ચાર વાતોને છોડીને અન્ય કોઈ અસંબંધિત વાતમાં ગૂંચવાઈ જનારો ચિકિત્સક રોગીનો હિતૈષી નથી હોતો.

કોઈ વ્યક્તિ સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરે છે એટલે કે પૂર્ણતઃ સાચું જ્ઞાન પ્રાપ્ત કરે છે તો આ ચાર કલ્યાણકારી સચ્ચાઈઓની જાણકારી જ તો પ્રાપ્ત કરે છે અને એક કુશળ ભિષક્‌ની જેમ, વૈદ્યની જેમ કેવળ પોતાનો ઈલાજ કરીને સ્વયં રોગમુક્ત નથી થતો, બલ્કે અન્ય અનેક રોગીઓને પણ ઉપચારનું સાચું સાધન બતાડીને તેમને રોગમુક્ત થવામાં સહાયક બને છે. રોગ અને રોગના ઉપચારને છોડીને બીજી કોઈ મોં - માથા વિનાની વાતો કરવી ખરેખર નિરર્થક જ છે. એટલે ભગવાને કહ્યું કે હું તો એક ભિષક્ માત્ર છું, વૈદ્ય માત્ર છું. અને વૈદ્યને રોગીના રોગનો ઉપચાર કરવા સિવાય અન્ય નિરર્થક વાતો સાથે શી લેવા દેવા ? અને ત્યારે કહ્યું કે હું તો કેવળ દુઃખ અને દુઃખ નિરોધ જ શીખવું છું બીજું કશું નહી. કેવું ઠીક કહ્યું એમણે કે જે રોગીને ઝેરી તીર લાગ્યું હોય અને તે મરણાંતક પીડાથી વ્યાકુળ હોય તો તેના ઉપચારને માટે આવેલા વૈદ્યનો એ સાચો ધર્મ છે કે એ તીરને તુરંત બહાર કાઢીને રોગીને પીડાથી મુક્ત કરે. પરંતુ જો એ અણસમજુ રોગી એ વાતની હઠ કરતો રહે કે પહેલાં એ માલૂમ કરો કે જેણે તીર માર્યું તે લાંબો છે કે ઠીંગણો ? કાળો છે કે ગોરો ? જાડો છે કે પાતળો ? તો આ નિરર્થક જીજ્ઞાસા તેના હિતસુખને માટે નહિ હોય. એના હિતસુખની વાત તો એ છે કે તેની અસહ્ય પીડાનું કારણરૂપ આ જે ઝેરી તીર છે તેને કાઢીને તેને શીઘ્ર પીડા-મુક્ત કરાય. આ કરણીય કામને ન કરીને અન્ય થોથી વાતોમાં ગૂંચવાવું નિરર્થક જ છે, નકામું જ છે, અહિતકર જ છે, હાનિકારક જ છે.

સુદૂર અતીતથી માંડીને આજ સુધી કોણ જાણે કેટલા લોકો આવી જ નિરર્થક વાતોમાં ગુંચવાતા રહ્યા છે અને પોતાની તથા બીજાની હાનિ કરતા રહ્યાં છે ! આ દુનિયા ક્યારે બની ? કઈ રીતે બની ? એને કોણે બનાવી ? એનો અંત થશે કે નહીં ? થશે તો ક્યારે થશે ? કઈ રીતે થશે ? આજ સુધી કેટલાયે તત્ત્વચિંતકોએ અને દાર્શનિકોએ આ સંબંધે કોણ જાણે કેટલીયે કલ્પનાના ઘોડા દોડાવ્યા છે. ભિન્ન ભિન્ન લોકોની ભિન્ન ભિન્ન કલ્પનાઓ અને ઘણું કરીને પરસ્પર વિરોધી ! એકને પ્રિય લાગનારી કલ્પના બીજાને એટલી જ બેહૂદી લાગે. એના પર વળી મુસીબત એ કે દરેકનો આગ્રહ કે મારી જ કલ્પના સાચી મનાય. જો કોઈ ન માને તો લડાઈ થાય, ઝઘડા થાય, વિગ્રહ-વિદ્વેષ થાય, યુદ્ધ - સંઘર્ષ થાય. નિશ્ચિતરૂપે જ, આવી ભિન્ન ભિન્ન પરસ્પર વિરોધી કલ્પનાઓ આપણા દુઃખોનો નિરોધ નથી કરી શકતી. જીવન જગતના યથાર્થ દુઃખોના શમનને માટે આપણે કલ્પનાકાશનું ઉડ્ડયન ત્યાગવું પડશે. યથાર્થની નક્કર ભૂમિ પર કદમ રાખીને જ ચાલવું પડશે. જે સચ્ચાઈ છે તે ગમે તેટલી કટુ કેમ ન હોય, અપ્રિય કેમ ન હોય, એની યથાર્થતા સ્વીકાર કરવી જ પડશે. જીવન જગતને મિથ્યા, માયા, નિઃસાર કહીને તેનાથી મોઢું ફેરવી લેવું તે શાહમૃગની માફક સચ્ચાઈથી દૂર ભાગવા જેવું છે. સમસ્યાથી દૂર ભાગીને કોઈએ આજ સુધી તેનું સમાધાન કર્યું નથી. જીવનનાં દુઃખોને ભૂલવાની ચેષ્ટામાં આંખ મીંચી રાખનારા પોતાની જાતને થોડા સમય માટે ભ્રમમાં ભલે ભરમાવી રાખે, પરંતુ દુઃખની નિતાંત વિમુક્તિથી વંચિત જ રહી જાય છે. ગૂમડાની પીડાથી ગભરાઈને કોઈ અફીણનો નશો કરી લે તો તે અલ્પકાલીન આત્મ - છલના જ થશે. એનો સાચો ઉપચાર તો એ વાતમાં છે કે તે કાચા ગૂમડાને પકાવે અને પાકેલા ગૂમડાને ચીરીને એમાંથી બધું પરૂ અને બધી ગંદકી બહાર કાઢી નાખે. આ કામ ગમે તેટલું અપ્રિય કેમ ન હોય પરંતુ એ રોગથી મુક્તિ પામવાને માટે આવશ્યક છે, અનિવાર્ય છે. કોઈ પણ સમજદાર માણસની સમજદારી એ જ વાતમાં છે કે તે સમસ્યાથી દૂર ન ભાગે, બલ્કે એક નક્કર યથાર્થવાદીની માફક સાચા વૈજ્ઞાનિક ઢંગથી એ સમસ્યાનો સામનો કરે, તેને સમજે. એની યથાર્થતાથી મોઢું ન ફેરવે, બલ્કે તેનો સ્વીકાર કરે અને ધૈર્યપૂર્વક તેના નિરાકરણને માટે યથોચિત પ્રયત્ન કરે... આ જ ચાર આર્યસત્ય છે - સમસ્યા, સમસ્યાનું મૂળભૂત કારણ, સમસ્યાનું નિવારણ અને સમસ્યાના નિવારણની રીત.

પોતાના રોગને જાણવાને માટે અને એ રોગના નિવારણની રીત જાણવાને માટે અને તે રીતને અપનાવીને રોગમુક્ત થવાને માટે આપણને કોઈ સંપ્રદાય વિશેષમાં દીક્ષિત થવાની મુદ્દલ જરૂર નથી. દુઃખ સંતપ્ત થવું (એ) કોઈ સંપ્રદાય વિશેષનો એકાધિકાર નથી, કે ન તો દુઃખ વિમુક્ત થવું તે. અજ્ઞાનતાવશ દુઃખમાં અટવાયેલા રહેવું એ પ્રાણીમાત્રનો સ્વભાવ છે. મનુષ્ય તેમાં અપવાદ નથી. પરંતુ મનુષ્યની એ વિશેષતા છે કે તે પોતાના બુદ્ધિબળથી, શ્રમબળથી, સાધનબળથી પોતાનાં દુઃખોને જાણી શકે છે, દુઃખના કારણને પીછાણી શકે છે અને પછી દુઃખ દૂર કરી શકવાની રીતને જાણીને તેને અપનાવીને દુઃખ દૂર કરી શકે છે. આ વિશેષતા મનુષ્યની જ છે, અન્ય પ્રાણીઓની નહીં. પરંતુ આ વિશેષતા મનુષ્ય માત્રની છે, કોઈ મનુષ્ય વિશેષની નહીં. બસ, મનુષ્ય હોવો જોઈએ, ચાહે તે કાળો હોય કે ગોરો, પીળો હોય કે ઘઉંવર્ણો, લાંબા નાકવાળો હોય કે ચીબા નાકવાળો, મોટી પીંછીદાર આંખવાળો હોય કે નાની ઝીણી આંખવાળો, આ જાતિનો હોય કે પેલી જાતિનો, આ વર્ગનો હોય કે પેલા વર્ગનો, આ બોલી - ભાષાનો હોય કે પેલી બોલી-ભાષાનો, આ દેશનો હોય કે પેલા દેશનો, આ કાળનો હોય કે પેલા કાળનો, હા, એ અલગ વાત છે કે અનેક મનુષ્યો પોતાના ખરા દુઃખને સમજ્યા વિના, દુઃખના ખરા કારણને સમજ્યા વિના, દુઃખ નિવારણની ખરી રીતને સમજ્યા વિના અને એ રીતને ખરી રીતે અપનાવ્યા વિના ભિન્ન ભિન્ન પ્રકારની અસંબંધિત કલ્પનાઓમાં, અટકળબાજીમાં, રૂઢિઓમાં અટવાઈ રહે છે અને આ કારણે દુઃખમુક્ત થવા પામતા નથી.

તો, આવો. બધા સાંપ્રદાયિક ઘેરાની કેદથી મુક્ત રહીને જીવન જગતના સત્ય ધર્મ સ્વભાવને જાણીએ, સમજીએ. કલ્પનાઓનો સહારો છોડીને યથાર્થના ધરાતલ પર ચારેય આર્યસત્યોને જાણીએ, સમજીએ તથા સાધનાના ક્ષેત્રમાં તેનો સ્વયં સાક્ષાત્કાર કરીને જેટલી જેટલી થઈ શકે તેટલી તેટલી દુઃખ વિમુક્તિનો લાભ હાંસલ કરીએ.

સ્થૂળ સંવૃત્તિ સત્યને જોતાં જોતાં જ આપણે સૂક્ષ્મ પારમાર્થિક સત્યને જોવા લાગશું. પરમાર્થ સત્યને સ્વયં જોઈને, જાણીને, સાક્ષાત્કાર કરીને, પ્રાપ્ત કરીને અને તેમાં વિહાર કરીને જ આપણે સમસ્ત દુઃખોની બેડીઓને નષ્ટ કરી શકશું, ભવનો ક્રમ તોડી શકશું.

- મંગલ મિત્ર

**સત્યનારાયણ ગોયન્કા.**

# વિપશ્યના સંમેલનનો અહેવાલ

સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, ધમ્મકોટ - રાજકોટ ખાતે તા. ૯ અને ૧૦ ઓગષ્ટ ૨૦૦૮ના રોજ યોજાયેલ જુના સાધકો, ધર્મ સેવકો અને ટ્રસ્ટીઓના સંમેલનનો સંક્ષિપ્ત અહેવાલ:

(૧) સંમેલનમાં આખા ગુજરાતમાંથી લગભગ ૮૫ ભાઈઓ અને ૩૫ બહેનોએ ભાગ લીધેલ હતો.

(૨) સંમેલનના ઉદ્દેશ અને ધર્મસેવાના મહત્ત્વને રજૂ કર્યા પછી પૂ. ગુરુજીના બહુજન હિતાય, બહુજન સુખાયનો મર્મ સમજાવતા ધર્મસેવા સંબંધી પ્રવચન સાથે સંમેલનનો આરંભ કરવામાં આવ્યો હતો.

(૩) દૈનિક જીવનમાં શીલ પાલન, સાધનાનો નિયમિત અભ્યાસ, દસ પારમીઓનો વિકાસ આ દિશામાં પોતાની સ્થિતિ અંગે સજગ થવાય તે ઉદ્દેશથી, 'સ્વ' નિરીક્ષણ ફોર્મ દ્વારા આત્મનિરીક્ષણ કરવામાં આવ્યું.

(૪) સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિભિન્ન સ્થાનોથી આવેલ ધર્મસેવકો અને ટ્રસ્ટીઓએ પોતાના વિસ્તારમાં થતી વિપશ્યનાને લગતી પ્રવૃત્તિઓ, સામૂહિક સાધના - એક દિવસીય શિબિર તથા પ્રચાર પ્રસાર માટે કરેલા પ્રયત્નો વિશે માહિતી આપેલ. આપણાં ચારેય કેન્દ્ર (ધમ્મસિંધુ, ધમ્મકોટ, ધમ્મપીઠ, ધમ્મદિવાકર) ઉપરાંત બે અસ્થાયી કેન્દ્રો - ધર્મજ અને મોગરનાં પ્રતિનિધીઓ દ્વારા કેન્દ્રના વિકાસ અને કાર્યક્રમોની જાણકારી કરાવવામાં આવેલ.

સૌરાષ્ટ્રમાં પ્રચાર-પ્રસાર માટે થયેલા બે પ્રકારના કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી

- શહેર/નગરના સ્તર પર પ્રવચન - પ્રશ્નોત્તર દ્વારા અને

- જુના સાધકો દ્વારા તેમના પરિવારજનો કે પરિચિતોના નાના સમૂહ માટે થતા આયોજન દ્વારા.

આમાં જુના સાધકોના પરિચિતો - સ્નેહીઓના સમૂહમાં થતા પરિચય કાર્યક્રમ વધુ સફળ અને અસરકારક જણાયા. ઉત્સાહી પરિણામો જાણી આવા પ્રકારના કાર્યક્રમો પોતાના સ્થાનો પર કરવાની પ્રેરણા અનેકોમાં જાગી.

(૫) કોર્પોરેટ સેક્ટરમાં વિપશ્યના સાધનાનો કેવી રીતે પ્રસાર થાય તે અંગે તથા ભવિષ્યમાં કેન્દ્ર માટે જે જરૂરિયાતો ઊભી થશે તે માટે કેવું વહીવટી માળખું હોવું જોઈએ. તે વિશે સરસ માર્ગદર્શન અને સૂચનો મળ્યાં.

(૬) બાળકો અને યુવા વર્ગમાં ધર્મનો પ્રસાર કેવી રીતે થાય તે અંગે દૃશ્ય - શ્રાવ્ય માધ્યમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૭) દીર્ઘ શિબિર કરેલા સાધકો, અન્ય સાધકો અને બહેનો આમ ત્રણ અલગ અલગ સમૂહ સત્રમાં સાધના - સેવાની સમજણ અને ઉપસ્થિત થતા પ્રશ્નો ખુલ્લા મનથી ચર્ચાયા.

(૮) દૈનિક જીવનની વિભિન્ન પ્રકારની વ્યસ્તતા વચ્ચે પણ સાધનાની નિયમિતતા કેવી રીતે જાળવી શકાય, અને કેવા પ્રકારે ધર્મ સેવા થઈ શકે, તેના પર પ્રકાશ પાડતાં વિભિન્ન કાર્યક્ષેત્રોમાં કાર્યરત કેટલાક ભાઈ-બહેનોએ પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કર્યા હતા.

(૯) સંમેલનનું સમાપન પૂ. ગુરુજીના ધર્મ સેવા માટે પ્રોત્સાહિત કરતા પ્રેરણાદાયી પ્રવચનથી કરવામાં આવ્યું. સેવાના ઉત્સાહમાં ક્યાંક અહંભાવની પુષ્ટિ પ્રમુખ ન બની જાય તે તરફ સજગ કરતાં એક માર્મિક ઉદાહરણ આપ્યું. વણઝારાના ગાડા નીચે ચાલતો કૂતરો સમજે કે બધો ભાર મારા ઉપર છે. આ બળદો પર તો ફક્ત ગાડાનો આગળનો ભાગ જ છે. ગાડું તો હું ખેંચું છું. આવો 'અહં' ન જાગવા લાગે. ધર્મ કામ કરે છે. ધર્મ પ્રસારનો સમય આવ્યો છે. આપણે તો બધા માધ્યમ છીએ. ધર્મ પ્રસારના મંગલદાયી કાર્યમાં સેવા કરવાનો મોકો મળ્યો છે. તેનો પૂરો લાભ ઉઠાવી આપણી પારમીઓને પુષ્ટ કરીએ.

અંતમાં ગુરુજી કહે છે:

કબીરા ખડા બાજારમેં લિયે ગંડા સા હાથ,
શીશ ઉતારે ભોંહિ ધરે, તો ચલે હમારે સાથ.

આમ ધર્મના પથ પર સાધના અને સેવાના ઉત્સાહવર્ધન અને પ્રેરણાદાયી માર્ગદર્શનના લાભ સાથે સંમેલનની સફળતા અનુભવતાં સૌ છૂટા પડ્યા.

આ સંમેલન દરમ્યાન કેટલાક ટ્રસ્ટીઓ અને સહાયક આચાર્યોની એક અલગ બેઠક થઈ હતી. જેમાં કેન્દ્ર સંચાલન અને પ્રસારનું કામ વધુ સુચારૂ રૂપથી થઈ શકે તે માટે ચિંતન કરવામાં આવ્યું. જેના પરિણામે ૧૧/૧૨ ઓક્ટોબરે એક ટ્રસ્ટી કાર્યશાળાનું ધમ્મપીઠ - રનોડા ખાતે આયોજન કરવાનું નક્કી થયું. જેઓ આમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓ પોતાના ક્ષેત્રના સહાયક આચાર્યશ્રીનો સંપર્ક કરે.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ. | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા, મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, 94277 678444 | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૧૮, શ્રદ્ધા કોમ્પ્લેક્ષ, મ્યુનિસિપલ ઓફિસની સામે, મહેસાણા (ઉ.ગુ.)-૩૮૪૦૦૧. (02762) 244744, (R) 253315 |

## ૨૦૦૮/૦૯ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | |
|---|---|---|---|
| 05-10-08 to 16-10-08 | 08-10-08 to 19-10-08 | 26-10-08 to 06-11-08 | 09-10-08 to 20-10-08 |
| 17-10-08 to 28-10-08 | 22-10-08 to 02-11-08 | 12-11-08 to 23-11-08 | 31-10-08 to 10-11-08 |
| 28-10-08 to 08-11-08 | 24-12-08 to 04-01-09 | 26-11-08 to 07-12-08 | 26-11-08 to 07-12-08 |
| 12-11-08 to 23-11-08 | 08-01-09 to 19-01-09 | 17-12-08 to 28-12-08 | 17-12-08 to 28-12-08 |
| 26-11-08 to 07-12-08 | 30-01-09 to 10-02-09 | **વડોદરા** | |
| 17-12-08 to 28-12-08 | 13-02-09 to 24-02-09 | ધમ્મભવન ૫, કાલિન્દી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા. (0265) 2341181 (M) 093771 48485 | **: ધર્મજ :** હિંમતભાઈ પટેલ (૦૨૬૯૭) ૨૪૪૬૫૬ મો.: ૯૪૨૫૬ ૦૦૭૬૫ |
| 31-12-08 to 11-01-09 | 27-02-09 to 10-03-09 | 30-10-08 to 10-11-08 | 02-11-08 to 13-11-08 |
| 15-01-09 to 26-01-09 | | 14-12-08 to 25-12-08 | |
| 04-02-09 to 15-02-09 | | | |
| 18-02-09 to 01-03-09 | | | |
| 04-03-09 to 15-03-09 | | | |
| 18-03-09 to 29-03-09 | | | |

## ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો

| | | | |
|---|---|---|---|
| 14-11-08 to 22-11-08 | 19-01-09 to 27-01-09 | 12-12-08 to 14-12-08 | 20-09-08 to 28-09-08 |
| 06-03-09 to 14-03-09 | 08-04-09 to 16-04-09 | | |

## ગંભીર સાધકો માટે ૧૦-૨૦-૩૦ દિવસીય શિબિર

(૧૦ દિવસ)
08-10-08 to 19-10-08 ધમ્મસિંધુ
04-02-09 to 15-02-09 ધમ્મકોટ

(૨૦ દિવસ)
07-01-09 to 28-01-09 ધમ્મસિંધુ
18-03-09 to 08-04-09 ધમ્મસિંધુ

(૩૦ દિવસ)
05-11-08 to 06-12-08 ધમ્મસિંધુ
18-03-09 to 18-04-09 ધમ્મસિંધુ

(૪૫ દિવસ)
05-11-08 to 21-12-08 ધમ્મસિંધુ

## એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના બીજા રવિવારે કેન્દ્ર ઉપર દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

**ધમ્મસેવક/સેવીકા બાળકોના ટીચર**
**ટ્રસ્ટી તેમજ કેન્દ્ર સાથે સક્રીય જોડાયેલા સાધકોનો વર્કશોપ**
**તા. ૧૩ ડીસેમ્બર સવારથી તા. ૧૪ ડીસેમ્બર સાંજ સુધી શનીવાર - રવિવાર રાખેલ છે. ૧૨ ડિસેમ્બર સાંજે આવી શકો છો.** તો અવશ્ય ભાગ લેવા નિવેદન છે. આપના નામ સીટી ઓફિસ અથવા ધમ્મકોટ લખાવી શકો છો.

## જરૂરીયાત છે.

રાજકોટ વિપશ્યના કેન્દ્ર સીટી ઓફિસ માટે સવારે ૯ થી ૧ બપોરે ૩-૩૦ થી ૭ સુધી વિપશ્યી સાધકની જરૂરીયાત છે. યોગ્ય વેતન આપવામાં આવે છે. સવાર અથવા સાંજે એક ટાઇમ માટે પણ આવી શકે છે.

ધમ્મકોટ કેન્દ્ર પર શિબિર વ્યવસ્થા / જનરલ દેખરેખ વગેરે માટે ધમ્મસેવક - સેવીકાની જરૂરીયાત છે.
સંપર્ક :- રસીકભાઇ માવદીયા - મો. : ૯૨૨૭૬ ૦૮૨૧૬
વિનોદભાઇ રાયચુરા - મો. : ૯૪૨૭૨ ૨૧૫૯૧

## દિપાવલી સ્નેહમિલન

તા. ૨૮-૧૦-૨૦૦૮, મંગળવાર દિવાળીના
સવારે ૮ થી ૧૦
ચાણક્ય એપાર્ટમેન્ટ, શ્રોફ રોડ, ધરમ સીનેમા પાસે, રાજકોટ.
દરેક વિપશ્યી સાધક-સાધીકાઓ એ અવશ્ય પધારવા વિનંતી.

દર મહિનાના ત્રીજા રવિવારનું સ્નેહ મિલન ૧૯-૧૦-૨૦૦૮ ની બદલે ૨૮-૧૦-૨૦૦૮ના રોજ રાખેલ છે.

# પ્રશ્નોત્તરી

**પ્રશ્ન - ૧ : વિપશ્યના (શીખ્યા) પછી તમાકુનું વ્યસન છૂટી શકે ?**

ઉત્તર : બધા વ્યસનોથી છુટવા માટે વિપશ્યના છે. કોઈ માણસ વિપશ્યના પણ કરે અને સિગરેટ પણ પીએ, તમાકુ પણ ખાય તો સમજવું કે તે માણસ વિપશ્યના કરતો - કરાવતો નથી, વિપશ્યનાનો ઢોંગ કરે છે. વ્યસનો ટકી નથી શકતાં. તમાકુનું વ્યસન તો શું, દારૂનું વ્યસન પણ નીકળી જાય છે. આજકાલ જે ડ્રગ્સ લેવાય છે તેનું વ્યસન (પણ) નીકળી જાય છે. આ (વિપશ્યના) બધાં વ્યસનોથી છુટકારો પામવાની રીત છે.

**પ્રશ્ન - ૨ : મને (બજર) સુંઘવાની ટેવ છે. આ ટેવ ઘણી જૂની, એટલે કે બચપણથી છે. હું આ ટેવ છોડવાની કોશિશ કરું છું. આ સાધનાથી છૂટી જશે ?**

ઉત્તર : બધી બુરી આદતો આપોઆપ છૂટી જશે. કરવું કાંઈ નહિ પડે. તેને જોતાં આવડી જશે. સુંઘવાની આદત બીજું કશું નથી હોતી, એનાથી આસક્તિ હોય છે. એવી સંવેદના ફરીથી આવે, એવી ફરીથી આવે તેથી (બજર) સુંઘે છે. અને જ્યારે એ (સંવેદના) ને જોતાં આવડી જશે તો ''ફરીથી આવે, ફરીથી આવે'' ની આદત નીકળી જશે, છુટકારો થઈ જશે. શરાબીને વ્યસન શરાબનું નથી હોતું; શરાબથી એક સંવેદના થાય છે, ડ્રગ્સથી એક સંવેદના થાય છે; એ સંવેદના તરફ આસક્તિ હોય છે. એવી સંવેદના ફરીથી જોઈએ. ફરીથી જોઈએ. તો શરાબ લે છે. ડ્રગ્સ લે છે. તો હવે જોતાં આવડી જશે, છુટકારો થઈ જશે.

## દોહા ધરમના

ચાર સત્ય હૈં જગત કે, ઈનસે મુખ મત મોડ ।
યહી સાધના મુક્તિ કી, ઈસસે નાતા જોડ ॥

દુ:ખ - મૂલ ઉત્ખનન કી, પાયી જિસને રાહ ।
વહી હુઆ સુખ-શાંતિ કા, સચ્ચા શહંશાહ ॥

બંધન ચિત્ત વિકાર હી, ઔર કાલ્પનિક ઝૂઠ ।
જબ વિકાર સબ દૂર હોં, બંધન જાએ ટૂટ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગળકામનાઓ સાથે

## દોહા ધરમના

દૂર પરે કા ભી નહીં, જિસસે કુછ સંબંધ ।
કૈસે કોરી કલ્પના, કરે દૂર દુખ દ્વંદ ॥

અપને દૂષિત કર્મ હી, લાતે દુખ પૈગામ ।
ક્યોં બેચારે દેવ કો, કરેં વ્યર્થ બદનામ ॥

દુખ કારણ દુષ્કર્મ હૈ, દુખ કારણ ના દેવ ।
તો ફિર અપને કર્મ કો, ક્યોં ન સ્વચ્છ કર લેવ ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી. દત્ત રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યનારિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના 15 સપ્ટેમ્બર, 2008 — આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org